ગાંધીનગર સમાચાર

# વોર્ડ નં. ૭ના ભાજપના ગઢમાં કોંગ્રેસ આક્રમક

## રવિવારે ભાજપના નારાજ કાર્યકરોને મનાવી લેવામાં સફળતા મળતા ભાજપ માટે મજબુત બનતી વિજયની આશા



## કોંગ્રેસનો આક્રમક પ્રચાર અભિયાન ઉમેદવારોની છબી ઉપસાવવામાં મદદરૂપ બને છે

**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

વોર્ડ નં. ૭ એટલે મધ્યમવર્ગીય સમાજનું પ્રતિનિધિત્વ કરતો વોર્ડ. શહેરમાં સૌથી વધુ ૨૦ ઉમેદવારો આ વોર્ડની ૪ બેઠકો માટે જંગમાં ઉતર્યા છે. ચારેય રાષ્ટ્રીય પક્ષોએ ઉમેદવારો ઉતાર્યા છે. અને સ્થાનિક લોકવિકાસ મંચના અને અપક્ષો પણ જંગમાં છે. સેક્ટર-૩, ૫ અને ૬ના બનેલા વોર્ડ નં. ૭માં ૧૮૫૨૩ મતદારો છે. ગઈ ચૂંટણીમાં આ વોર્ડના ત્રણેય સીટીંગ કોર્પોરેટરો ભાજપના હતા અને ત્રણેય સીટીંગ કોર્પોરેટર નો રીપીટ થીયરીનો ભોગ બન્યા છે. આ વોર્ડમાં લડતા ૨૦ ઉમેદવારોમાં ભાજપના ૪, કોંગ્રેસના ૪, બસપાના ૪, એનસીપીના ૩ અને લોકવિકાસ મંચના ત્રણ અને બે અપક્ષો પણ જંગમાં છે.

ભારતીય જનતા પક્ષની પેનલમાં ચારેય નવા ચહેરા ચૂંટણી લડી રહ્યા છે. ગાંધીનગર નાગરિક બેંકના સીનીયર ડિરેક્ટર અને શહેરના જાણીતા યુવા અગ્રણી ઘનશ્યામભાઈ પટેલ કર્મઠ કાર્યકર છે. યુવા પ્રવૃત્તિઓમાં વર્ષોથી નેતૃત્વ કરતા ઘનશ્યામભાઈ પટેલ જેસીઝ યુવા સંઘ, પાટીદાર સમાજ જેવી સામાજિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કારણે મતદારો સાથે બહોળો સંપર્ક ધરાવે છે. રૂચિરભાઈ ભટ્ટ ભાજપના પૂર્વ શહેર પ્રમુખ અને લાયન્સ ક્લબના પાસ્ટ પ્રેસીડેન્ટ હોવાથી મતદારો સાથે જીવંત સંપર્ક ધરાવે છે. બ્રહ્મસમાજ તથા સેક્ટરની પ્રવૃત્તિઓમાં સતત સંકળાયેલા હોવાથી રૂચિર ભટ્ટ પણ જાણીતુ વ્યક્તિત્વ છે. દર્શનાબેન કમલેશભાઈ બેન્કર ભાજપ મહિલા મોરચાના કાર્યકર છે અને વોર્ડ પ્રમુખ કમલેશભાઈ બેન્કરના ધર્મ પત્નિ છે. આથી મતદારો સાથે પ્રભાવી સંપર્ક ધરાવે છે. શીલ્પાબેન પ્રજાપતિ આજ વોર્ડના જાણીતા સામાજીક કાર્યકર અલ્પેશભાઈ પ્રજાપતિના ધર્મપત્નિ છે. આમ સમગ્ર પેનલ સમાજના વિવિધ વર્ગોનું પ્રતિનિધિત્વ કરે છે. કોંગ્રેસ પક્ષે પણ મજબુત પેનલને મેદાનમાં ઉતારી છે. કોંગ્રેસના સંનિષ્ઠ કાર્યકર જયરાજસિંહ વાઘેલા, વર્ષોથી કોંગ્રેસ અને સેક્ટરની અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે ઓતપ્રોત હોવાથી મતદારો પર તેમની કાર્યશૈલીનો પ્રભાવ છે. રાજપુત સમાજના માધ્યમથી સામાજિક સેવાઓમાં પણ જયરાજસિંહનું નેતૃત્વ અસરકારક રહ્યુ હોવાથી મતદારો સાથેનો સીધો સંપર્ક ધરાવે છે. રાકેશભાઈ ગોવિંદભાઈ પટેલ કોંગ્રેસના યુવા કાર્યકર છે. ૪૨-૮૪ કડવા પાટીદાર સમાજની પ્રવૃત્તિઓના માધ્યમથી તેઓ સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અસરકારક યોગદાન આપતા હોવાથી સામાજિક સંપર્કો નોંધપાત્ર છે. જ્યારે મહિલા ઉમેદવાર હીરલબેન ઉત્પલકુમાર જોષી ઉત્સાહી કાર્યકર હોવા ઉપરાંત ગત ચૂંટણીમાં અસરકારક દેખાવ કરનાર ઉત્પલ જોષીના ધર્મપત્નિ છે. ઉત્પલ જોષી બ્રહ્મસમાજ અને સેક્ટરની સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય હોવાથી સમગ્ર વિસ્તારમાં જાણીતુ નામ છે. અનુસૂચિત જાતિની અનામત બેઠક પર કોંગ્રેસના સી.એમ. વર્માના પરિવારમાંથી ઉર્મિલાબેન વર્માની ઉમેદવારી પણ આવકાર પામી રહી છે. ઉર્મિલાબેનની કાર્યશૈલીથી અને સામાજિક યોગદાનથી મતદારોનો સંપર્ક વધતો જાય છે.

આ ઉપરાંત બસપાના જશોદાબેન પરમાર, નરસિંહભાઈ પરમાર, સુશિલાબેન વાઘેલા અને ચિરાગભાઈ પરીખ, એનસીપીના અહેમદશા મનસુરી, નીતાબેન શાહ અને યશવંતકુમાર પંડ્યા પણ મેદાનમાં છે. જ્યારે સ્થાનિક લોકવિકાસ મંચના જગતસિંહ ચંપાવત, રમીલાબેન વાઘેલા અને રશ્મિકાંત પંડ્યા નસીબ અજમાવી રહ્યા છે. અપક્ષો સર્વશ્રી યાજ્ઞિકકુમાર પરમાર અને રાજેન્દ્રબાબુ રાઠોડ પણ લડતમાં છે.

અહીં જંગ બહુકોણીય છે. પણ મુખ્ય સ્પર્ધા કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જ છે. છેલ્લા કેટલાય વખતથી આ સેક્ટરો ભાજપના ગઢ તરીકે ઓળખાય છે અને સાબિત થયેલા છે. પરંતુ આ વખતે નો રીપીટ થીયરીના કારણે ભાજપના ત્રણેય સીટીંગ કોર્પોરેટર કપાતા ભાજપના કાર્યકોરમાં નિરાશા વ્યાપી છે. આ ઉપરાંત કેટલાક નારાજ જુથના કાર્યકરો પણ પ્રચાર કાર્યથી અલીપ્ત રહ્યા છે. પરંતુ રવિવારે આ લખાય છે ત્યારે મળતી માહિતી મુજબ નારાજ કાર્યકરોને પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલની મધ્યસ્થીથી મનાવી લેવાયા છે. એટલે સોમવારથી ઘીના ઠામમાં ઘી અને સૌ સારા વાના થઈ જશે અને ભાજપની જીતની આશા મજબુત બનતી જશે. જો કે કોંગ્રેસના ચારેય ઉમેદવારો ખુબ જ આક્રમકતાથી પ્રચાર અભિયાન ચલાવી રહ્યા છે. એટલે જો ભાજપ તેને અન્ડર એસ્ટીમેટ ગણે તો ગોથુ ખાવાના ચાન્સ પુરેપુરા છે. ભાજપ માટે વિજય સરળ નથી. મહેનત ઘણી છે. કોંગ્રેસની લડત પણ આક્રમક છે. એટલે રાજકીય પંડિતો પણ આગાહી કરવામાં અહી અટવાયા છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ... અમે અમારા છોકરાને નોકરી મેળવવા આંદોલન કરવા ન જ મોકલીએ... પણ છોકરા કહે છે કે... સરકારી નોકરી મળે તો સરકારી ક્વાર્ટર મળે અને એમાં નળ હોય અને પાણી પમ આવે...!!**

## લીંબોદરા હાઈસ્કૂલમાં ડૉ. આંબેડકરની જન્મજયંતિ ઉજવાઈ

લીંબોદરાની શ્રી પી.પી.આર. શાહ હાઈસ્કૂલમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી નિમિત્તે શાળાના તમામ વિદ્યાર્થીઓએ લીંબોદરા ગામમાં પ્રભાત ફેરી કરી હતી અને નારાઓ લગાવીને ગામના ગગગને ગજવી મુકયું હતું. ત્યારબાદ શાળાની સફાઈ કરવામાં આવી હતી. આ ઉપરાંત શાળાના પ્રાર્થના ખંડમાં પ્રાર્થના કરી શાળાના આચાર્ય અને શિક્ષણગણ દ્વારા ડૉ. બાબા સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## બસપાના વોર્ડ નં-પના ઉમેદવાર દ્વારા બાઈક રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના વોર્ડ નં-૫ ના બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર રાજુપુરી રમેશપુરી ગોસ્વામી દ્વારા આજે બપોરના સુમારે બાઈક રેલી યોજાઈ હતી. આ બાઈક રેલીમાં ૧૦૦ થી વધુ યુવાનો બાઈક સાથે જોડાયા હતા અને વોર્ડ નં-૫માં સમાવિષ્ટ સેકટરોના આંતરિક માર્ગ ફરીને ઉમેદવારોને મળીને પ્રચાર કર્યો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીના પ્રચાર-પ્રસાર અભિયાન દરેક રાજકીય પક્ષ દ્વારા તેજ કરી દેવાયું છે. ઉમેદવારો ઓછા સમયમાં મતદારોને રીઝવવા ડોર-ટુ-ડોર પ્રચાર કરી રહ્યા છે. દરેક સેકટરમાં રાત્રી બેઠકોનું આયોજન થાય છે. રાત્રીના સમયે પાર્ટીના કાર્યાલયો પણ ધમધમી ઉઠે છે. ઉમેદવારો કાર્યકરો સાથે કાળઝાળ ગરમીમાં પણ ઢોલ નગારા સાથે પ્રચાર કરી રહ્યા છે. ત્યારે આજે ગાંધીનગર શહેરના વોર્ડ નં -૫ ના બસપાના



ઉમેદવાર રાજુપુરી રમેશપુરી ગોસ્વામી દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે બપોરે ૩ કલાકે ૧૦૦ થી વધુ યુવાનો બાઈક સાથે જોડાયા હતા. રેલી પ્રસ્થાન કરીને વોર્ડમાં આવેલા સેકટરના મુખ્ય માર્ગો તેમજ આંતરીક માર્ગો પર ફરીને ઉમેદવારો સાથે લોક સંપર્ક કર્યો હતો. વોર્ડમાં ફરીને રેલી સાંજે સેકટર -૧૩ ખાતે આવી પહોંચી હતી જયા રેલીનું સમાપન કરવામાં આવ્યું હતું.

## પીંપળજ મહર્ષિ અત્રિ તપોવન શાળાનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર - મહુડી માર્ગ પર પીંપળજ ગામ નજીક આવેલ મહર્ષિ અત્રિ તપોવન શાળાના ૧૩ મા વાર્ષિકોત્સવની ટાઉનહોલ ખાતે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગીત, સંગીત, ડાન્સ, સહિત મેવાડ કી વીર ગાથા અને દેશ ભકિત પર સુંદર નાટક બાળકોએ રજુ કર્યું હતું. શાળા પરિવાર તરફથી નેશનલ અને સ્ટેટ લેવલે સ્પોટર્સમાં સિધ્ધી હાંસલ કરી હોય તેવા ૧૨ ખેલાડીઓને પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી સન્માનવામાં આવ્યા હતા. આ ઉજવણીમાં ૪૦૦ થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જયારે કાર્યક્રમમાં મોટીસંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ, વાલીગણ, સહિત શાળાના સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે મહર્ષિ અત્રિ તપોવન શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે ચિલ્ડ્રન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, સંસ્થાના ચેરમેન અને શાળાના પ્રિન્સીપાલ સહિત ઉપસ્થિત મહેમાનોએ દિપ પ્રાગ્ટય કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. ત્યારબાદ શાળાના



બાળકોએ કાર્યક્રમના પ્રારંભે ગણેશ વંદના અને સ્વાગત રજુ કર્યું હતું. વાર્ષિકોત્સવ પ્રસંગે હાજર બાળકોને મહેમાનોએ પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યું હતું. બાળગીત આવ્યું વેકેશન, એઈમ ઓફ અર્જુન, બાળકોએ અત્યારની બદલાતી જીવનશૈલીને લઈ વિવિધ યોગાસનો રજુ કરી શરીરને સ્વસ્થ રાખવાનો સુંદર મેસેજ આપ્યો હતો. મેવાડની વીરગાથા નાટક મહારાણા પ્રતાપ રજુ કર્યુ હતુ જેમાં શાળાના વિદ્યાર્થીએ સુંદર મહારાણાનો રોલ અદા કર્યો હતો. જયારે બાળકોએ મુઝે માફ કરના ઓમ સાંઈરામ તુજસે પહલે લુંગા મમ્મી ડેડી કા નામ, પ્રેમ રતન ધન પાયો, વો ક્રિષ્ના હે સહિના ફિલ્મી ગીતો પર અભિનય સાથે ડાન્સ કર્યો હતો. જયારે દેશભકિત અને ઘરડા ઘર વિષય પર બાળકોએ અદ્‌ભુત અભિનયના ઓજસ પાથર્યા હતા. હાસ્ય ખજાનામાં રમુજી ટુચકા રજુ થતા બાળકો અને હોલમાં હાજર સૌ કોઈ પેટ પકડીને હસતા નજર આવતા હતા. જયારે કરાટેના વિદ્યાર્થીઓએ અવનવા કરતબ દેખાડતા વિદ્યાર્થીઓને તાળીઓથી વધાવી લીધા હતા. શાળાના રમત-ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય અને સ્ટેટ લેવલે નામના મેળવનાર વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. શાળાની વિવિધ પ્રવૃતિઓની ઝાંખી કલાદર્શનમાં કરાવી હતી.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં ગરમીનું પ્રમાણ વધતા ઠંડા પીણાના વેપારમાં વૃદ્ધિ થવા પામી છે.
- ગાંધીનગરમાં હાલ ઘઉં અને મસાલાની ખરીદીમાં નગરજનો વધુ વ્યસ્ત બન્યા છે.
- જિલ્લામાં આ વખતે ઘઉંની આવક બજારોમાં સારી એવી થઈ છે.
- ગાંધીનગર શહેરમાં મનપાની ચૂંટણી અંગે પ્રચાર અભિયાન વધુ વેગીલુ બન્યુ છે.
- શહેરની ચૂંટણીના પ્રચાર અભિયાનને લઈ સટ્ટા બજાર પણ સક્રિય થયાની વાતો થઈ રહી છે.
- પ્રચાર અભિયાનમાં ઉમેદવારો ગરમીથી બચવા માટે સાથે લીંબુ પાણી પણ રાખતા જણાયા છે.

# નવી દિલ્હીમાં હાલ ૩૬ ગુજરાતીઓનું વર્ચસ્વ : બીજી લાઇનમાં, 'હાફ સેન્ચ્યુરી' તરફ આગેકૂચ

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

કહેવત છે કે ''સૌ કોઈ ઉગતા સૂર્યની પૂજા કરે છે, આથમતા સૂરજને કોઈ માન આપતું નથી.'' ભારતના રાજકારણનો શક્તિશાળી સિતારો નરેન્દ્ર મોદી છે. તેમની સાથે કામ કરવા માટે બ્યુરોક્રેસી અને પોલિટીશનની લાઈન લાગી છે. ગુજરાતમાં ફરજ બજાવી ચૂકેલા અબતક ૩૬ કી પર્સનનો હવે દિલ્હીમાં દબદબો છે. આ ગુજરાતી લોકો મોદીને દિલ્હીમાં ઘેરી વળ્યા છે. હજી બીજા ગુજરાતીઓ દિલ્હી જવાની લાઈનમાં છે. બીજી તરફ પાટનગરમાં સિનિયર વ્યક્તિઓનો અકાળ પડ્યો છે, જે વહીવટી તંત્રમાં દેખાઈ રહ્યો છે. સચિવાલયના સૂત્રો કહે છે કે હજી આઠ થી દસ ઓફિસરો મોદીની ગુડબુકમાં સ્થાન પામવા દિલ્હીના ચક્કર કાપી રહ્યાં છે. બીજા ગુજરાતના સિનિયર મોસ્ટ ૧૨ નિવૃત્ત અને ચાલુ ઓફિસરો પણ દિલ્હીમાં જોડાવવા લોબિંગ કરી રહ્યાં છે. શાસનના ત્રીજાવર્ષમાં જો મોદી હા પાડે તો દિલ્હીમાં ગુજરાતી લોકો હાફ સેન્ચ્યુરી તરફ આગળ વધી રહ્યાં છે.

**● મોદીને પાંચ K અને બહેનને પાંચ K નડે છે...**

ગાંધીનગર અને દિલ્હીમાં K નામની જોખમી અજાયબી છે. મોદીને પાંચ K અને આનંદીબહેનને પાંચ K નડે છે. ગુજરાતમાં ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી છે ત્યારે રાજ્યમાં હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર, કનુભાઈ કલસરિયા, શક્તિસિંહ ગોહિલ અને શંકરસિંહ વાઘેલા આનંદીબહેનના વિજયમાં રૂકાવટરૂપ સાબિત થઈ શકે છે, તો દેશના રાજકારણમાં પાંચ કે મોદી માટે પણ જોખમી છે જેમાં લાલકૃષ્ણ અડવાણી, દિલ્હીના ચીફ મિનિસ્ટર અરવિંદ કેજરીવાલ, જેએનયુના લિડર કનૈયાકુમાર પણ પડકાર છે. કોંગ્રેસના પાટી પ્રેસિડેન્ટ સોનિયા ગાંધી કે વાઈસ પ્રેસિડેન્ટ રાહુલ ગાંધીથી મોદીને કોઈ ડર નથી પરંતુ જો પ્રિયંકા ગાંધી રાજકારણમાં આવી ગઈ તો મોદી માટે સૌથી મોટો પડકાર બની શકે છે. મોદી માટે આ પાંચ K તેમની શક્તિ હણી શકે છે.

**● સ્વર્ણિમમાં કથા-યજ્ઞ કરવાની જરૂર છે**

મોદીએ જતા જતાં બનાવેલા સ્વર્ણિમ સંકુલ-૧ અને સંકુલ-૨ માં સત્યનારાયણની કથા કે હવન કરવાની આવશ્યકતા છે તેવો અભિપ્રાય આ સંકુલમાં કામ કરતા કર્મચારીઓ આપી રહ્યાં છે, કારણ કે તમામ સ્ટાફ અહીં ગૂંગળામણ અનુભવે છે. સચિવાલયના બ્લોક નં-૧ અને બ્લોક નં-૨માં જ્યારે સીએમઓ અને અન્ય પ્રધાનોની ચેમ્બર હતી ત્યારે એટલી બધી મોકળાશ હતી કે ૧૦૦ નહીં ૩૦૦ મુલાકાતીઓ આરામથી પ્રધાનની ચેમ્બરમાં મુલાકાત કરી શકતા હતા. સ્વર્ણિમમાં મઢુલી નાની અને ભૂવા જાજા... જેવો ઘાટ ઘડાયો છે. પ્રધાનની ચેમ્બરમાં ૨૫ મુલાકાતીઓ આવે તો પણ ચેમ્બર હાઉસફૂલ થઈ જાય છે. એક ચોથા વર્ગના કર્મચારીએ કહ્યું હતું કે સ્વર્ણિમ સંકુલમાં અભિશાપ હોય તેવું લાગે છે. મનમાં ઉચાટ રહે છે. કામ કરવાની ફ્રિડમ મળતી નથી. સરકારે અહીં હવન કે કથા કરાવીને જગ્યાને પવિત્ર કરવાની આવશ્યકતા છે, અન્યથા સ્ટાફની માનસિક હાલત સ્થિર નહીં રહે.

**મૂળાક્ષર K મોદી અને આનંદીબહેનને નડી રહ્યો છે, ભવિષ્યમાં ય નડશે ...**

**અમિતાભ બચ્ચનના ફોટા ક્યાં ગયા, હૈદરને મુંબઈમાં ઓળખાણ નથી ?!!**

**● ચલે ગયે થાનેદાર અબ ડર કાહે કા ...**

સચિવાલયમાં પ્રધાનો સ્વતંત્ર નથી. તેમની ઉપર વોચ ગોઠવાયેલી હોય તેવો અનુભવ તેમની થાય છે, પરંતુ વિભાગોમાં કામ કરતા ઓફિસરોને બધી છૂટ છે. તેઓ નિર્ણય લેવાની શક્તિ ધરાવે છે. પ્રધાનને કંઈપણ કરવું હોય તો સીએમઓની મંજૂરી જોઈએ પરંતુ સેક્રેટરીઓ કંઈ પણ કરી શકે છે. એક સરસ ઉદાહરણ આપતા સરકારના સિનિયર અધિકારીએ કહ્યું હતું કે સેક્રેટરીઓને ગાંધીનગરમાં ફાળવવામાં આવેલા બંગલામાં એક ખિલી મારવી હોય તો મોદીના શાસનમાં પરમિશન લેવાની હિંમત ચાલતી ન હતી, આજે તેમના સરકારી બંગલામાં નવો રૂમ ઉભો કરવાની ફાઈલો માર્ગ-મકાન વિભાગમાં ફરતી થઈ ગઈ છે. બીજી તરફ પ્રધાનને બંગલે કોઈ સુધારો કરાવવો હોય તો સીએમઓની મંજૂરી લેવી પડે છે. આનું નામ બદલાવ...!! ચલે ગયે થાનેદાર, અબ ડર કાહે કા...

**● સચિવાલયમાંથી અમિતાભના ફોટા ક્યાં ગયા**

ટુરિઝમ સેક્રેટરી તરીકે વિપુલ મિત્રા હતા ત્યારે તેમની ચેમ્બરમાં અને ચેમ્બરની બહાર લોબીમાં ખુશ્બુ ગુજરાત કી.. અને અમિતાભ બચ્ચનના ફોટા મૂકવામાં આવ્યા હતા પરંતુ આજે આ ફોટા જોવા મળતા નથી. મોંઘાભાવે મઢીને તૈયાર કરેલા અમિતાભ બચ્ચનના ફોટોગ્રાફ કોણ લઈ ગયું ? પતે સચિવાલયમાં ચર્ચાનો વિષય બન્યો છે. ટુરિઝમ ડિપાર્ટમેન્ટે આજે તેની પ્રોપટી લીઝ પર આપવા કાઢી છે. કેટલીક તૈયાર પ્રોપટીમાં મેનેજમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાની તૈયારી કરી છે પરંતુ નક્કી કરેલા દરો જોતાં કોઈપણ રોકાણકાર આવવાની હિંમત કરતો નથી. ખુશ્બુ ગુજરાત કી.. જતાં જતાં વિપુલ મિત્રા સાથે ચાલી નિકળી હોય તેવું લાગી રહ્યું છે. હાલ આ વિભાગના સુપ્રિમો એસ.જે.હૈદર છે. તેઓ પ્રયત્નશીલ છે પરંતુ વિપુલ મિત્રા જેવી ચપળતા તેઓ કેળવી શકતા નથી, પરિણામે તેમને ટુરિઝમના વિકાસની ડોર આગળ ધપાવવામાં મુશ્કેલી પડી રહી છે. હા, તેમની પાસે અમિતાભ બચ્ચન કે એવા ડાયરેક્ટરનો સંપર્ક નથી, જે વિપુલ મિત્રા પાસે હતો, પણ હવે તો તેઓ તે ચાવી લઈને સ્પીપામાં બેસી ગયા છે.

**સ્વર્ણિમ સંકુલ રૂપાળું લાગે છે પણ કર્મચારીને કામ કરવામાં ચેન નથી ...**

**● ગુજરાતની વસતી ૬.૨૮ કરોડ થઇ છે...**

ગુજરાત રાજ્યની વસતી ૨૦૧૬ના વર્ષમાં વધીને ૬,૨૮,૨૫,૦૦૦ થઈ છે. આ વસતીમાં ૩,૩૧,૪૦,૦૦૦ પુરુષ છે અને ૨,૯૬,૮૫,૦૦૦ મહિલાઓ છે. ૨૦૧૧માં આ વસતી ૫,૯૦,૨૦,૦૦૦ હતી. પાંચ વર્ષમાં ગુજરાતમાં ૩૮,૦૫,૦૦૦ નવા જન્મ થયા છે. વસતી વધારો એકલા ગુજરાતમાં જ નહીં ભારતમાં પણ થયો છે. ભારતના આંકડા જોઈએ તો ૨૦૧૧માં દેશની વસતી ૧,૧૯,૨૫,૦૬,૦૦૦ હતી જે ૨૦૧૬માં પ્રોજેક્ટેડ આંકડા પ્રમાણે જોઈએ તો ૧,૨૬,૮૯,૬૧,૦૦૦ થવા જાય છે. નેશનલ હેલ્થ પ્રોફાઈલના રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે સમગ્ર દેશમાં પાંચ વર્ષમાં ૭,૬૪,૫૪,૦૦૦ લોકોનો ઉમેરો થયો છે. એટલે કે આટલા સમયમાં સાડા સાત કરોડ બાળકોનો જન્મ થયો છે. ગુજરાતમાં પ્રત્યેક ૧૦૦૦ પુરૂષ સામે ૯૧૯ મહિલાઓ છે જ્યારે ભારતમાં પ્રત્યેક ૧૦૦૦ પુરૂષ સામે ૯૪૩ મહિલાઓ છે. દેશમાં કેરાલા એવું રાજ્ય છે કે જ્યાં પ્રતિ હજારે ૧૦૮૪ મહિલાઓ છે. જો કે પોંડીચેરીમાં હજાર પુરૂષ સામે ૧૦૩૭ મહિલાઓ નોંધાયેલી છે.

**● કેરાલા રાજ્યમાં ચમત્કાર થાય છે...**

સમગ્ર ભારતમાં જેની ગણના લર્નેડ સ્ટેટ તરીકે થાય છે તે કુદરતી સાનિધ્યમાં આવેલા કેરાલા રાજ્યમાં ખૂબીઓ ભરેલી છે. આ રાજ્યમાં પુરૂષ કરતાં મહિલાઓનું પ્રમાણ સૌથી વધારે છે તેમ પુરૂષ અને મહિલાઓનું આયુષ્ય પણ સૌથી વધારે છે. કેન્દ્રના હેલ્થ રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે કેરાલામાં પુરૂષનું સરેરાશ આયુષ્ય ૭૫.૨ વર્ષનું આંકવામાં આવ્યું છે જ્યારે મહિલાનું આયુષ્ય ૭૮.૬ દર્શાવાય છે. એટલે કે આ રાજ્યમાં અન્ય રાજ્યોની કમ્પેરિઝનમાં હેલ્થની સુવિધાઓ વધુ સારી છે. ગુજરાતમાં પુરૂષનું સરેરાશ આયુષ્ય ૭૧.૯ અને મહિલાનું આયુષ્ય ૭૪.૯ દર્શાવાય છે. ૨૦૦૧-૨૦૦૫ કરતાં આ સ્થિતિ ઘણી સારી છે, પરિણામ સુધર્યું છે. એ પાંચ વર્ષમાં સરેરાશ આયુષ્ય અનુક્રમે ૬૪૦૯ અને ૬૯.૦ આંકવામાં આવેલું હતું. લોકોના જીવનધોરણ સુધરતાં અને હેલ્થની સુવિધાઓ વધતાં તેની સીધી અસર આયુષ્ય પર પડી છે.